# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ટેલિકોમ ક્ષેત્રમાં દેશની સફળતા આત્મનિર્ભર ભારતના વિઝનની ક્ષમતા દર્શાવે છે.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.**
3. **બિહાર વિધાનસભા ચૂંટણી માટે NDA ગઠબંધનના ઘટક પક્ષો અને મહાગઠબંધન વચ્ચે બેઠકોની વહેંચણી અંગે મડાગાંઠ યથાવત્.**
4. **રાષ્ટ્ર આજે ભારતીય વાયુસેનાની 93મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે**
5. **જમ્મુ કાશ્મીરમાં ખરાબ હવામાન ને કારણે સતત 3 દિવસથી સ્થગિત રહેલી માતા વૈષ્ણોવદેવી યાત્રા ફરીથી શરૂ.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM - INDIA MOBILE CONGRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે એશિયાના સૌથી મોટા ટેલિકોમ, મીડિયા અને ટેકનોલોજી કાર્યક્રમ , ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ 2025 ના નવમા સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું. સભાને સંબોધતા , શ્રી મોદીએ કહ્યું કે ટેલિકોમ ક્ષેત્રમાં દેશની સફળતા આત્મનિર્ભર ભારત વિઝનની તાકાત દર્શાવે છે. તેમણે કહ્યું કે , જે દેશ એક સમયે 2G સાથે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો , હવે લગભગ દરેક જિલ્લામાં 5G કવરેજ ધરાવે છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી ( આત્મ નિર્ભર ભારત)

પ્રધાનમંત્રીએ કહ્યું કે , દેશમાં ડિજિટલ કનેક્ટિવિટી હવે કોઈ વિશેષાધિકાર કે વૈભવી નથી રહી પરંતુ દરેક ભારતીયના જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે. તેમણે કહ્યું કે, ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ કાર્યક્રમ ફક્ત મોબાઇલ અને ટેલિકોમ પૂરતો મર્યાદિત નથી, પરંતુ થોડા વર્ષોમાં એશિયાનો સૌથી મોટો ડિજિટલ ટેકનોલોજી ફોરમ બની ગયો છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી ( IMC)

પ્રધાનમંત્રીએ કહ્યું કે , દેશ નવીનતા અને પ્રગતિ માટે એક અસરકારક પ્લેટફોર્મ તરીકે ઉભરી રહ્યો છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે ભારત હવે વિશ્વનું બીજું સૌથી મોટું ટેલિકોમ બજાર છે, અને બીજા ક્રમનું સૌથી મોટું 5G બજાર છે.

આ પ્રસંગે બોલતા , સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે ભારત હવે વિશ્વનું ડિજિટલ ધ્વજવાહક બની ગયું છે.

. . . . . . . . . . . . . . . . .

# PM-MUMBAI-PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈમાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી **19** હજાર **650** કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ભારતના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એરપોર્ટ-નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. તે વિશ્વના સૌથી કાર્યક્ષમ એરપોર્ટમાંનું એક હશે , જે વાર્ષિક નવ કરોડ મુસાફરો અને **32** લાખ 50 હજાર મેટ્રિક ટન કાર્ગોનું સંચાલન કરશે.

સાંભળીએ અમારા સંવાદદાતાનો એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ - ભાવના)**

. . . . . . . . . . . . . . .

# BIHAR POLITICAL

બિહાર વિધાનસભા ચૂંટણી માટે NDA ગઠબંધનના ઘટક પક્ષો અને મહાગઠબંધન વચ્ચે બેઠકોની વહેંચણી અંગે મડાગાંઠ હજુ પણ યથાવત્ છે. લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ) દ્વારા બેઠકોના સન્માનજનક હિસ્સાની માંગણીને પગલે NDAમાં, દરેક ઘટક પક્ષ કેટલી બેઠકો પર ચૂંટણી લડશે તે અંગે અનિશ્ચિતતા રહેલી છે. ભાજપના વરિષ્ઠ નેતાઓએ LJP (રામવિલાસ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન સાથે અનેક રાઉન્ડની બેઠકો કરી છે.

પટણામાં મીડિયા સાથે વાત કરતા , ચિરાગ પાસવાને કહ્યું કે બેઠક વહેંચણી વ્યવસ્થા અંગે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

બીજી તરફ , કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ ( RJD) ના નેતૃત્વ હેઠળના મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણી પર કોઈ સર્વસંમતિ બની શકી નથી. આ મુદ્દા પર ચર્ચા કરવા માટે ગઈકાલે પટણામાં મહાગઠબંધનની ચૂંટણી સંકલન સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક પછી , CPI મહાસચિવ ડી. રાજાએ જણાવ્યું હતું કે ગઠબંધનના ભાગીદારો વચ્ચે બેઠકોની વહેંચણી અંગે અંતિમ નિર્ણય ટૂંક સમયમાં લેવામાં આવશે

બિહાર વિધાનસભાની ચૂંટણી 6 અને 11 નવેમ્બરના રોજ બે તબક્કામાં યોજાશે. ૧૨૧ વિધાનસભા મતવિસ્તારોને આવરી લેતા પ્રથમ તબક્કા માટે નામાંકન પ્રક્રિયા ૧૦ ઓક્ટોબરથી શરૂ થશે..

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

……

# AIR FORCE DAY

રાષ્ટ્ર આજે ભારતીય વાયુસેનાની 93મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે. વાયુસેનાની સ્થાપના 8 ઓક્ટોબર 1932 ના રોજ થઈ હતી.

આ પ્રસંગે, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ , ચીફ ઓફ આર્મી સ્ટાફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી , ચીફ ઓફ નેવલ સ્ટાફ એડમિરલ દિનેશ કે ત્રિપાઠી અને ચીફ ઓફ ધ વાયુસેના એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી.

વાયુસેના ચીફ માર્શલે એક વીડિયો સંદેશ દ્વારા રાષ્ટ્રને 93મા વાયુસેના દિવસની શુભેચ્છાઓ પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વાયુસેના દિવસ પર તમામ બહાદુર યોદ્ધાઓ અને તેમના પરિવારોને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે વાયુસેનાને બહાદુરી, શિસ્ત અને ચોકસાઈનું પ્રતીક ગણાવ્યું. શ્રી મોદીએ કહ્યું કે વાયુસેનાના જવાનોએ સૌથી પડકારજનક પરિસ્થિતિઓમાં પણ આપણા આકાશનું રક્ષણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કુદરતી આફતો દરમિયાન પણ તેમની ભૂમિકા ખૂબ જ પ્રશંસનીય રહી છે.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને ભારતીય વાયુસેના ( IAF) ને અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં , કહ્યું કે ઓપરેશન સિંદૂર અને અન્ય અસંખ્ય મિશન ભારતીય વાયુસેનાના અમૂલ્ય યોગદાનનો પુરાવો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુભેચ્છાઓ પાઠવતા કહ્યું આ દળનું નામ જ ભારતીયોમાં અપાર ગર્વ જગાડે છે

. . . . . . . . . . . . .

# INDIAN PARLIAMENTARIAN -UNGA

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં દેશનું વલણ રજૂ કરવા માટે એક બહુપક્ષીય ભારતીય સંસદસભ્ય પ્રતિનિધિમંડળ ગઈકાલે ન્યૂયોર્ક પહોંચ્યું હતું.

પ્રથમ બેચનું નેતૃત્વ ભાજપના સાંસદ અને એક રાષ્ટ્ર એક ચૂંટણી પર સંયુક્ત સંસદીય સમિતિના અધ્યક્ષ પીપી ચૌધરી કરી રહ્યા છે. વિવિધ રાજકીય પક્ષોના 15 સંસદસભ્યોનું બનેલું આ જૂથ આ મહિનાની 14મી તારીખ સુધી ન્યૂયોર્કમાં રહેશે.

આ મહિનાના અંત સુધીમાં 15 સાંસદોનું બીજું જૂથ યુએનજીએમાં હાજરી આપવાનું આયોજન છે. અગાઉ, અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ નેતાઓએ ફોરમમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

. . . . . . . . . .

# J-K-VAISHNOVDEVI

જમ્મુ કાશ્મીરમાં ખરાબ હવામાન ને કારણે સતત 3 દિવસ થી સ્થ્યગીત રહેલી શ્રી માતા વૈષ્ણોવદેવી યાત્રા ફરીથી શરૂ કરવામાં આવી છે.

અમારા જમ્મુના સંવાદદાતા અહેવાલ આપે છે કે , ભારે વરસાદ અને ત્રિકુટા પર્વતીય વિસ્તારમાં ભૂસ્ખલનની આશંકાને કારણે તરત પવિત્ર ગુફાની આ યાત્રા સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવામાનમાં સુધારો થતાં તમામ સુરક્ષાના પગલાને ધ્યાને લઈ આ યાત્રા ફરી શરૂ કરી દેવામાં આવી છે.

શ્રાઇન બોર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે યાત્રા સરળતાથી ફરી શરૂ થઈ ગઈ છે અને યાત્રાળુઓને મંદિરમાં જવાની મંજૂરી આપવામાં આવી રહી છે. અધિકારીઓ યાત્રાળુઓને સત્તાવાર ચેનલો દ્વારા અપડેટ રહેવા અને તેમની યાત્રા દરમિયાન સલામતી સલાહનું પાલન કરવા વિનંતી કરી રહ્યા છે.

. . . . . . . . . . . .

# SHAH-NARAYAN

ગૃહમંત્રી અમિત શાહે આજે સ્વાતંત્ર્ય સેનાની લોકનાયક જયપ્રકાશ નારાયણને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે , જયપ્રકાશ નારાયણે યુવાનોને સ્વતંત્રતા ચળવળ સાથે જોડીને સ્વતંત્રતા માટેના સંકલ્પને મજબૂત બનાવ્યો. તેમણે કહ્યું કે , શ્રી નારાયણે ગ્રામીણ ભારતને સશક્ત બનાવ્યું અને લોકશાહીનું રક્ષણ કર્યું. શ્રી શાહે યાદ કર્યું કે કટોકટી સામે જયપ્રકાશ નારાયણનું સંપૂર્ણ ક્રાંતિના સૂત્રએ સરમુખત્યારશાહી શાસનને જડમૂળથી ઉખેડી નાખ્યું.

. . . . . . . . . . . .

# SHAH-GURU RAMDAS

ગૃહમંત્રી અમિત શાહે આજે ચોથા શીખ ગુરુ ગુરુ રામદાસના પ્રકાશ પર્વ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું કે શીખ ગુરુએ સમાનતા અને સેવાની ભાવનાને નવી ઊંચાઈઓ પર પહોંચાડી અને અમૃતસરની સ્થાપના કરી , જે પાછળથી એક આધ્યાત્મિક શહેર બન્યું.

મંત્રીએ કહ્યું કે ધર્મ , સંસ્કૃતિ અને માનવતા માટે સમર્પિત ગુરુ રામદાસનું જીવન અને તેમની વિચારધારા દરેક માટે અનુકરણીય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .